

## પૂજ્યપાદ ગુરુદેવશ્રી !

આપના માટે પ્રયોજાતું ‘પ્રૌઢપ્રભાવશાળી’ વિશેષણ
આપના મહાન પ્રભાવક શાસનકાર્યોમાં તો ઝળહળતું હતું જ,
કિંતુ એ આપની લક્ષણસંપન્ન દેહાકૃતિમાં ય ઝળહળતું હતું.
પ્રૌઢપ્રભાવ કેવું તત્ત્વ છે એ આપની પ્રતાપી–તેજપુંજ સમી દેહાકૃતિનાં દર્શને સમજાઈ જતું.
આપનાં દર્શને કંઈ કેટલાય પુણ્યાત્માઓએ કહ્યું છે કે
‘‘પૂજ્યશ્રીમાં અમને પૂ. શાસનસમ્રાટશ્રીની પ્રતાપી આભા–છાયા અનુભવાય છે.’’
તો કેટલાય ભાગ્યવાનોએ એમ કહ્યું છે કે
‘‘પૂજ્યશ્રીની ચાલમાં–વ્યક્તિત્વમાં સિંહ સમો દુર્ધર્ષ પ્રભાવ–પ્રતાપ ઝળકે છે.’’
પદયાત્રાસંઘપ્રયાણદિને ખેડાના શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જિનાલયમાંથી
બહાર પધારવાની ક્ષણે લેવાયેલ આપની આ સહજ લાક્ષણિક તસવીર
આપની પ્રૌઢપ્રભાવશાળી દેહાકૃતિનાં અને સિંહ શી નિર્ભય લાક્ષણિક ચાલનાં સુભગ દર્શન કરાવે છે.
આ તસવીરમાંની આપની પ્રભાવશાળી મુખમુદ્રામાં આપનું પ્રતાપી–ગાંભીર્ય ઝળકે છે,
તો એમાં નિહાળાતી આપની ઝૂકેલી દષ્ટિમાં આપની જયણાવૃત્તિ ઝળકે છે.
પૂજ્યપાદ ગુરુદેવશ્રી ! અમને એમ લાગે છે કે આપની આ ગતિ વાસ્તવમાં તો મોક્ષમાર્ગ તરફની ગતિ છે.
બસ, આપની એ ગતિ અમારી ગતિ (= શરણ) બની રહો...

Designed & Printed by : JAYANT PRINTERY LLP Mumbai-2. Tel.: 4366 7171

પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નું પ્રેરક જીવનદર્શન
તમે સૂરજ થઈને ચમક્યા
લેખક તથા સંપાદક : પૂજ્યપાદ સિદ્ધહસ્તસર્જક તેજસ્વીવકતા પરમગુરુકૃપાનિધાન આ. ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. સા.





# તમે સૂરજ થઈને ચમક્યા

પૂજ્યપાદ પ્રૌઢપ્રભાવશાળી પરમશાસનપ્રભાવક દર્ભાવતીતીર્થોદ્ધારક આ.ભ.શ્રી સૂર્યોદયસૂરીશ્વરજી મ.સા.નું પ્રેરક જીવનદર્શન

લેખક તથા સંપાદક : પૂજ્યપાદ સિદ્ધહસ્તસર્જક તેજસ્વીવકતા પરમગુરુકૃપાનિધાન આ. ભ. શ્રી રાજરત્નસૂરીશ્વરજી મ. સા.